Seat No. : _______________

# NI-146

**November-2025**

**M.A., Sem.-III**

**504 : Gujarati**

**(EA : ડાયસ્પોરિક સાહિત્ય)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. ‘ડાયસ્પોર અને ડાયસ્પોરિક સાહિત્ય’ની વિભાવના વિશે નોંધ લખો. **14**

**અથવા**

1. ‘ડાયસ્પોરિક સાહિત્ય’ના મુખ્ય લક્ષણો જણાવો. **14**

2. ગુજરાતી ડાયસ્પોરિક કવિતાના મહત્ત્વના વળાંકો ઉદાહરણ સહિત જણાવો. **14**

**અથવા**

2. ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યનો ઉદ્‌ભવ અને વિકાસ જણાવો. **14**

3. ડાયસ્પોરિક સાહિત્યના લક્ષણોને આધારે ‘– ને ધરતીને ખોળે નરક વેરાયું’ નવલકથાનું મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

3. ટૂંકનોંધ લખો : (બંને) **14**
   (1) ‘–ને ધરતીને ખોળે નરક વેરાયું’ નવલકથાનું ગદ્ય
   (2) ‘–ને ધરતીને ખોળે નરક વેરાયું’ નવલકથાનું શીર્ષક ચર્ચો.

4. ડાયસ્પોરિક સાહિત્યના લક્ષણોને આધારે ‘ઉછાળા ખાય છે પાણી’ આત્મકથાની વિશેષતા-મર્યાદાઓ જણાવો. **14**

**અથવા**

4. ‘ઉછાળા ખાય છે પાણી’ આત્મકથામાંથી પ્રગટતું આત્મકથાકારનું વ્યક્તિત્વ આલેખો. **14**

5. નીચેનામાંથી કોઈપણ **સાત** પ્રશ્નોના ઉત્તર આપો : **14**

(1) 'સાંકળોનો સિતમ' આત્મકથાના લેખકનું નામ જણાવો.

(a) બળવંત નાયક (b) મધુ રાય

(c) દીપક બારડોલીકર (d) પન્ના નાયક

(2) "જન્મે મળેલા ને પછી ખોયેલા શરીરના એકાદ અવયવ વિના જીવી શકાય અને છતાંય એની ખોટ સતત સાલે એમ હું જીવું" – પંક્તિ કયા કવિની છે ?

(a) પ્રીતિસેન ગુપ્તા (b) પ્રીતમ લખલાણી

(c) દીપક બારડોલીકર (d) પન્ના નાયક

(3) "બારડોલી" એ મારો પ્રિય શબ્દ, જેવો કે 'મા', એનો ઉચ્ચાર કરતાં મીઠાશથી મોઢું ભરાઈ જાય અને છાતીમાં ઉમંગોનો ઉછાળો આવે." વિધાન કઈ કૃતિનું છે ?

(a) – ને ધરતીને ખોળે નરક વેરાયું (b) ઉછાળા ખાય છે પાણી

(c) બખ્તાવર (d) સાંકળોનો સિતમ

(4) 'કાળજે કોતરાયેલી પીડા' નવલકથાના લેખકનું નામ જણાવો.

(a) બળવંત નાયક (b) મધુ રાય

(c) વલ્લભ નાંઢા (d) દીપક બારડોલીકર

(5) "અમદાવાદ તને છોડવા છતાં ક્યાં છોડી શકાયું છે ? ને અહીયાં આટલું રોકાયા છતાં ક્યાં વસી શકાયું છે !" પંક્તિ કયા કવિની છે ?

(a) ભરત ત્રિવેદી (b) પ્રીતમ લખલાણી

(c) દીપક બારડોલીકર (d) પન્ના નાયક

(6) '–ને ધરતીને ખોળે નરક વેરાયું' નવલકથાનું કયું પાત્ર બ્લેકવોટર રોગનો ભોગ બને છે ?

(a) ધનીમલ (b) મદનલાલ

(c) મિસ્ટર બ્રાઉન (d) ધનીલાલ

(7) 'ટેલીફોનની ઘંટડી' વાર્તાના લેખકનું નામ જણાવો.

(a) આનંદરાવ લિંગાયત (b) પન્ના નાયક

(c) નીલેશ રાણા (d) બળવંત નાયક

(8) નીચેના પૈકી કોણે 'ડાયસ્પોરા'ની વિભાવના સંદર્ભે ચર્ચા કરી છે ?

(a) પ્લેટો (b) લોન્જાઈનસ

(c) વિલિયમ સેફરન (d) કૉલરીજ

(9) 'અમેરિકાવાસી કેટલાક ગુજરાતી સર્જકો' પુસ્તકના લેખકનું નામ જણાવો.

(a) જગદીશ દવે (b) મધુસૂદન કાપડિયા

(c) ધીરૂભાઈ ઠાકર (d) સુમન શાહ

(10) 'ડાયસ્પોરા' શબ્દ મૂળ કઈ ભાષાનો છે ?

(a) ગ્રીક (b) સ્પેનિશ

(c) જર્મન (d) રશિયન

(11) '–ને ધરતીને ખોળે નરક વેરાયું' નવલકથાના પાત્ર મનસુખના પિતાનું નામ જણાવો.

(a) માધવજી (b) ધનીલાલ

(c) માર્ટિન બોમન (d) શીરીન

(12) દીપક બારડોલીકરની બારડોલીમાંથી હકાલપટ્ટી થયા પછી કયા ગામમાં જઈને વસવાટ કર્યો હતો ?

(a) મલીર (b) ચિત્તાગોંગ

(c) બારમેર (d) એકપણ નહીં

Seat No. : _______________

# NI-146

**November-2025**

**M.A., Sem.-III**

**504 : Gujarati**

**(EB : સાહિત્ય અને સિનેમા)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

**સૂચનાઓ :** (1) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

(2) જમણી બાજુના આંક ગુણ દર્શાવે છે.

1. સાહિત્ય અને સિનેમાની વિભાવના સ્પષ્ટ કરી, તેના સ્વરૂપ અને પ્રયોજન વિશે ચર્ચા કરો. **14**

**અથવા**

1. સાહિત્ય અને સિનેમાની સંજ્ઞા સમજાવી, તેના કાર્યક્ષેત્ર અને નિર્માણ પ્રક્રિયાના ઘટકો સમજાવો. **14**

2. સાહિત્ય અને સિનેમાના અનુબંધની સ્પષ્ટતા કરો. **14**

**અથવા**

2. સાહિત્ય આધારિત ફિલ્મોના પ્રશ્નો અને મહત્ત્વના પારિભાષિક શબ્દોની ચર્ચા કરો. **14**

3. સાહિત્ય પર આધારિત ગુજરાતી ફિલ્મોની ગતિવિધિ તપાસો. **14**

**અથવા**

3. સાહિત્ય પર આધારિત ભારતીય ફિલ્મોની વિશેષતાઓ જણાવો. **14**

4. 'અભુ મકરાણી' વાર્તાનો આસ્વાદ કરાવો. **14**

**અથવા**

4. કેતન મહેતા દિગ્દર્શિત 'મિર્ચ મસાલા' ફિલ્મની વિશેષતાઓ તપાસો. **14**

5. નીચેના પ્રશ્નોમાંથી કોઈપણ **સાત** પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો : **14**

(1) 'રૂપાંતર' કૃતિના કર્તાનું નામ આપો.

(a) અમૃત ગંગર (b) કેતન મહેતા

(c) અભિજિત વ્યાસ (d) ભરત મહેતા

(2) 'માનવીની ભવાઈ' ગુજરાતી ફિલ્મના દિગ્દર્શકનું નામ આપો.

(a) પન્નાલાલ પટેલ (b) અભિજિત વ્યાસ

(c) ઉપેન્દ્ર ત્રિવેદી (d) ગોવિંદ સરૈયા

(3) 'દરિયાવ દિલ' કૃતિ ઉપરથી કઈ ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું છે ?

(a) માનવીની ભવાઈ (b) કાશીનો દીકરો

(c) કંકુ (d) સરસ્વતીચંદ્ર

(4) ફિલ્મ નિર્માણનું કામ કેટલા સ્તરે ચાલે છે, તેના તબક્કાઓ જણાવો.

(a) પાંચ (b) સાત

(c) બે (d) ત્રણ

(5) 'ફિલ્મ સર્જન પ્રક્રિયા' કૃતિના કર્તાનું નામ જણાવો.

(a) ભરત મહેતા (b) અભિજિત વ્યાસ

(c) અમૃત ગંગર (d) ચુનીલાલ મડિયા

(6) ડેલામાં ચાલતા કારખાનાના માલિકનું નામ આપો.

(a) જીવન ઠક્કર (b) અભુ મકરાણી

(c) ગેમી (d) થાણદાર

(7) 'અભુ મકરાણી' વાર્તાના વાર્તાકારનું નામ આપો.

(a) ઝવેરચંદ મેઘાણી (b) પન્નાલાલ પટેલ

(c) ચુનીલાલ મડિયા (d) જયંત ખત્રી

(8) 'આ અભુના જીવતાં એમ દરવાજો નહિ ઉઘડે' – આ વિધાન ચુનીલાલ મડિયાની કઈ વાર્તામાંથી લેવામાં આવ્યું છે ?

(a) ત્રીજો જીવ (b) કાશીભાભુ

(c) ઉછીના અજવાળાં (d) અભુ મકરાણી

(9) ફિલ્મ આસ્વાદ શ્રેણીમાં 'મિર્ચ મસાલા' કૃતિના સંપાદકનું નામ આપો.

(a) ભરત મહેતા (b) અભિજિત વ્યાસ

(c) સુમન શાહ (d) અમૃત ગંગર

(10) ગેમી કઈ વાર્તાની નાયિકા છે ?

(a) કાથીભાભુ (b) અભુ મકરાણી

(c) અત્તરનું પૂમડું (d) ખીજડિયે ટેકરે

(11) ચુનીલાલ મડિયાની કઈ વાર્તા ઉપરથી 'મિર્ચ મસાલા' ફિલ્મનું નિર્માણ કરવામાં આવ્યું ?

(a) ત્રીજો જીવ (b) કાશીભાભુ

(c) ખીજડિયે ટેકરે (d) અભુ મકરાણી

(12) 'મિર્ચ મસાલા' ફિલ્મના દિગ્દર્શકનું નામ આપો.

(a) અભિજિત વ્યાસ (b) હીરેન્દ્ર પંડ્યા

(c) કેતન મહેતા (d) શ્યામ બેનેગલ

---

Seat No. : _______________

# NI-146

**November-2025**

**M.A., Sem.-III**

**504 : Gujarati**

**(EC : વૈશ્વિકીકરણ અને સાહિત્ય)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. 'વૈશ્વિકીકરણ' સંજ્ઞા સમજાવી, તેનું સ્વરૂપ સ્પષ્ટ કરો. **14**

**અથવા**

1. વૈશ્વિકીકરણના લાભ-ગેરલાભની સદષ્ટાંત ચર્ચા કરો. **14**

2. 'ટુ થાઉઝણ્ડ ટવેન્ટી (2020) લગી' – 'બારણું' અને 'કેટવોક' વાર્તાઓને વૈશ્વિકીકરણ સંદર્ભે તપાસો. **14**

**અથવા**

2. 'ઘોડાર' (મોહન પરમાર) અને 'તર્પણ' (રવીન્દ્ર પારેખ) વાર્તાઓની સમીક્ષા કરો. **14**

3. વૈશ્વિકીકરણની અસર સંદર્ભે 'સંગીત શિક્ષક' અને 'પોલિટેકનીક' વાર્તાઓનું મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

3. 'ટુરીસ્ટ' અને 'પાટા' વાર્તાઓની કેન્દ્રસ્થ સમસ્યાઓ વિશે નોંધ લખો. **14**

4. વૈશ્વિકીકરણનો પ્રભાવ દર્શાવતી નવલકથા તરીકે રણેન્દ્ર કૃત 'ગ્લોબલ ગાંવ કે દેવતા'નું મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

4. 'ગ્લોબલ ગાંવ કે દેવતા' નવલકથામાં નિરૂપાયેલ આદિવાસી સમુદાયનો પરિચય કરાવો. **14**

5. કોઈપણ **સાત** પ્રશ્નોના જવાબ આપો : **14**

(1) 'ગ્લોબલાઈઝેશન'નો ગુજરાતી પર્યાય જણાવો.

(2) 'વી.વી. બ્રાંડ ડબલ ટેસ્ટેડ (વિક્ટરી) ૨૮૦ એમ.એલ.' વાર્તાના લેખકનું નામ જણાવો.

(a) અજય શાહ (b) રામ મોરી

(c) નવનીત જાની (d) સુમન શાહ

(3) ‘કેટવોક’ વાર્તાના લેખકનું નામ જણાવો.

(a) હરીશ નાગ્રેચા (b) હિમાંશી શેલત

(c) ધીરેન્દ્ર મહેતા (d) રવીન્દ્ર પારેખ

(4) ‘બારણું’ ટૂંકી વાર્તાની નાયિકાનું નામ જણાવો.

(a) કંકુ (b) નેહા

(c) સવલી (d) મંગુ

(5) ‘તર્પણ’ વાર્તાના મૃત પાત્રનું નામ જણાવો.

(a) રામદાસ (b) દશરથરાય

(c) રઘનાથ ભટ્ટ (d) શાંતિલાલ

(6) ચન્દ્રહાસ દવે કઈ વાર્તાનું પાત્ર છે ?

(a) ટુ થાઉઝણ્ડ ટ્વેન્ટી (2020) લગી (b) પોલિટેક્નીક

(c) કેટ્વોક (d) ઘોડાર

(7) નિર્બંધ વિશ્વવ્યાપાર વૈશ્વિકીકરણનું આગવું લક્ષણ છે – વિધાન સાચું કે ખોટું ?

(8) ‘પાટા’ વાર્તાના લેખકનું નામ જણાવો.

(a) બિપીન પટેલ (b) મણિલાલ હ. પટેલ

(c) શિરીષ પંચાલ (d) કાનજી પટેલ

(9) ‘ગ્લોબલ ગાંવ કે દેવતા’ નવલકથાના લેખકનું નામ જણાવો.

(10) ‘ગ્લોબલ ગાંવ કે દેવતા’ નવલકથાની પ્રથમ આવૃત્તિ સાલ જણાવો.

(a) ઈ.સ. 2018 (b) ઈ.સ. 2019

(c) ઈ.સ. 2020 (d) ઈ.સ. 2021

(11) ‘ગ્લોબલ ગાંવ કે દેવતા’ નવલકથામાં કઈ જનજાતિનું જીવન નિરૂપણ પામ્યું છે ?

(a) ઉરાંવ (b) મિઝો

(c) અસુર (d) મુંડા

(12) ‘ગ્લોબલ ગાંવ કે દેવતા’ નવલકથાનો નાયક કઈ નોકરી કરે છે ?

(a) શિક્ષક (b) ડૉક્ટર

(c) કારકુન (d) ડ્રાઈવર

---